


# પંગો હજુ બાકી છે અને કહાની પણ!

# મુનાવર ફારુકી

**ક્યારેક પોતાની એક પંચલાઈનથી આખો હોલ હસાવી દેતો મુનાવર ફારુકી, તો ક્યારેક બે લાઈનમાં દિલની એવી વાત કહી જાય છે કે સાંભળનાર થોડી ક્ષણો માટે ચૂપ થઈ જાય! કોમેડીથી શરૂઆત કરનાર મુનાવરે હવે એન્ટરટેઈનમેન્ટની દુનિયામાં પોતાની અલગ ઓળખ બનાવી છે. સ્ટેન્ડ-અપ, રિયાલિટી શો, મ્યુઝિક, શાયરી અને હવે હોસ્ટિંગ મુનાવર માટે એક જ ટેગ પૂરતો નથી. અને હવે આવી રહી છે 'પતિ પત્ની ઔર પંગા 2', જ્યાં કપલ્સની લવ સ્ટોરીમાં થોડો તડકો, થોડું મીઠું અને ઘણો બધો પંગો ઉમેરવાનો છે.**

### 'પતિ પત્ની ઔર પંગા 2' સાથે ફરી હોસ્ટિંગમાં કમબેક શું આ વખતે પંગો ડબલ છે?

બિલકુલ! પહેલી સીઝનમાં સમજાયું કે પતિ-પત્ની વચ્ચેનો પંગો સ્ક્રિપ્ટેડ હોય કે અનસ્ક્રિપ્ટેડ, એમાં કન્ટેન્ટની કમી નથી. આ વખતે તો કપલ્સ વધારે, કેમેસ્ટ્રી વધારે અને એટલે પંગા પણ વધારે. હું તો એટલું જ કહીશ-ઘરમાં જે વાતો ધીમા અવાજે થાય છે, એ અહીં કેમેરા સામે હાઈ વોલ્યૂમમાં થશે!

### 'પતિ પત્ની ઔર પંગા'ની સૌથી મોટી USP શું છે?

રિલેશનશિપની રિયાલિટી. અહીં માત્ર ગ્લેમર નથી, અહીં કપલ્સનું બોન્ડિંગ, નાની-નાની નોકઝોક અને એકબીજાને સમજવાની રીત જોવા મળે છે.

કારણ કે પ્રેમમાં બધું પરફેક્ટ હોતું નથી
"ક્યારેકતુંસાચો,ક્યારેકહુંસાચી,પણસંબંધનીવાર્તાબંનેનીહોયછે."

### કપલ્સના પંગામાં પોતાની મેરેજ લાઇફ પણ દેખાય છે?

હા અને એટલે જ કદાચ હું વધુ કનેક્ટ કરી શકું છું. લગ્ન પછી ખબર પડે કે પ્રેમ માત્ર "I love you" નથી ક્યારેક "તું આજે જમવાનું શું બનાવ્યું?" પણ પ્રેમની પરીક્ષા હોય છે! (હસે)

### તારી શાયરીનો અંદાજ લોકો બહુ પસંદ કરે છે. આ શાયરાના અંદાજ પાછળનું રહસ્ય શું છે?

રહસ્ય કંઈ નથી જે દિલમાં હોય એ શબ્દોમાં આવી જાય છે. હું માનું છું કે શાયરી લખાતી નથી, અનુભવાય છે.

"કેટલાક શબ્દો હોઠ સુધી આવીને અટકી જાય છે,
કેટલીક વાતો આંખોમાં રહી જાય છે અને જે દિલમાં રહી જાય,
એ જ શાયરી બની જાય છે."

### લગ્ન પછી તારામાં સૌથી મોટો બદલાવ કયો આવ્યો?

પહેલાં હું માત્ર "મારે શું કરવું છે?" એવું વિચારતો હતો અને હવે "આપણે શું કરવું છે?" એવું વિચારું છું. જીવનમાં જવાબદારીઓ વધી છે અને તમારી સાથે કોઈ બીજાનું જીવન પણ જોડાયેલું છે એ સતત અનુભવાય છે. પહેલાં પોતાના નિર્ણય લેવાનું સરળ હતું, હવે દરેક નિર્ણયમાં સામેની વ્યક્તિની લાગણી પણ જોવી પડે છે. મારા માટે આ બદલાવ મુશ્કેલ કરતાં વધારે સુંદર રહ્યો છે.

### પત્ની સાથે ઝઘડો થાય તો 'Sorry' પહેલા કોણ કહે છે?

આ સવાલનો સાચો જવાબ આપવાની મારી ઉંમર હજી નથી થઈ! હું શાયર છું, વકીલ નથી કે દરેક સવાલનો પુરાવો લઈને બેસું. ક્યારેક મને લાગે છે કે હું સાચો છું, પરંતુ પછી સમજાય છે કે સંબંધમાં સાચું સાબિત થવું એટલું મહત્વનું નથી જેટલું વાતને વધારે મોટી ન બનાવવી. એટલે જ્યાં લાગે ત્યાં હું મારી ઈગો સાઈડમાં મૂકી દેવાનું પસંદ કરું છું.

### કોમેડિયન છે, પરંતુ શાયરી લોકોના દિલમાં અલગ જગ્યા બનાવે છે. આ શાયર મુનાવર ક્યાંથી આવે છે?

કદાચ એ શાયર મારી અંદર હંમેશાં હતો, બસ કોમેડીએ તેને થોડો સમય છુપાવી રાખ્યો હતો. કોમેડી તમને લોકો સાથે હસાવે છે, જ્યારે શાયરી તમને પોતાની સાથે મળાવે છે. જીવનમાં જે વસ્તુઓ આપણે બોલી નથી શકતા, ઘણી વખત એ શબ્દો બનીને બહાર આવે છે. મારા માટે શાયરી માત્ર શબ્દો નથી, એ મારા અનુભવ અને લાગણીઓને વ્યક્ત કરવાની એક રીત છે. "કેટલીક વાતો કહી નથી શકાતી, એટલે લખવી પડે છે અને કેટલીક લાગણીઓ લખી નથી શકાતી, એટલે શાયરી બની જાય છે."

### સૌથી મોટું Red Flag શું છે?

મારા માટે સૌથી મોટું Red Flag એ માણસ છે જે હંમેશાં માને કે ભૂલ સામેની વ્યક્તિની જ હોય છે. કારણ કે કોઈપણ સંબંધમાં જો વ્યક્તિ પોતાની ભૂલ સ્વીકારી જ ન શકે તો વાત આગળ વધવી મુશ્કેલ બની જાય છે.

### અને Green Flag?

Green Flag એ વ્યક્તિ છે જે તમારી સફળતાથી ખુશ થાય અને તમારી નિષ્ફળતામાં તમારો હાથ છોડે નહીં. જે તમારી સામે તમને બદલવાનો પ્રયાસ કર્યા વગર તમારી સારી અને ખરાબ બંને બાજુ સ્વીકારે. જે તમારી ચુપ્પી પણ સમજી શકે અને તમારી સફળતામાં પોતાનો હિસ્સો શોધવાની જગ્યાએ તમારી ખુશીમાં ખુશ રહે. આવી વ્યક્તિ Green Flag નહીં, આખો Garden છે!

"નામ મળ્યું તો ઘણાં ચહેરા ઓળખાયા,
દિલ મળ્યું તો થોડા જ પોતાના બન્યા
સફર લાંબો છે, હજુ તો શરૂઆત છે,
જે હસતા રહ્યા મારી સાથે,
એ જ મારી દુનિયા બની ગયા"
પંગો હજુ બાકી છે અને કહાની પણ!"

### 'Angadia' જેવા તમારા આગામી પ્રોજેક્ટ વિશે ફેન્સને શું હિન્ટ આપશો?

હમણાં વધારે સ્પોઈલર નહીં આપું, નહીં તો પ્રોડ્યુસર મને જ પંગો આપી દેશે! (હસે)

પણ એટલું કહી શકું કે આ વખતે લોકો મને માત્ર સ્ટેજ પરનો મુનાવર નહીં, એક અલગ જ અવતારમાં જોશે. કંઈક નવું કરવાનો પ્રયાસ છે અને હું પોતે પણ એને લઈને ખૂબ એક્સાઈટેડ છું.

### છેલ્લે ફેન્સ માટે એક શાયરી મુનાવર તરફથી?

ચોક્કસ. "સફર હજુ બાકી છે, મંઝિલની વાત શું કરવી,
હસાવ્યા છે ઘણાને, હવે દિલની વાત શું કરવી જેઓ ઊભા રહ્યા મારી સાથે, એ જ મારી દુનિયા છે, બાકી નામ તો ઘણાં છે, પણ પોતાના ગણાય એવા થોડા જ છે." ●

---

# નૉમિનેશનને કારણે દોસ્તીમાં આવી દરાર!

કહે છે કે માણસને ઓળખવો હોય તો તેની સાથે થોડા દિવસ એક જ ઘરમાં રહી જુઓ પરંતુ Bigg Boss વાળાઓએ આ ફિલોસોફીને એવો ટ્વિસ્ટ આપ્યો છે કે અહીં માણસો તો એક જ ઘરમાં રહે છે, પણ સાથે-સાથે ઈગો, ઈમોશન, દોસ્તી, દુશ્મની, રોમાન્સ અને રડવાનું પેકેજ પણ ફ્રીમાં મળે છે!

બિગ બોસના ઘરમાં દોસ્તી કરવી બહુ સરળ છે, પરંતુ એ દોસ્તી નૉમિનેશનના ટેબલ સુધી ટકી રહે તો જ સાચી દોસ્તી કહેવાય! Bigg Boss 20ના ઘરમાં કંઈક આવું જ જોવા મળ્યું. વીકએન્ડ કા વાર પૂરો થયો અને સોમવાર પડતાં જ બિગ બોસે ઘરના સભ્યોને એવો નૉમિનેશનનો ડોઝ આપ્યો કે ઘણા સંબંધોના બેન્ડ-બાજા વાગી ગયા.





આ વખતે નૉમિનેશનની રીત પણ થોડી અલગ હતી. એટલે સામાન્ય રીતે "મારે એને નૉમિનેટ કરવો છે કારણ કે એની સાથે મારી નથી બનતી"વાળો સીધો હિસાબ નહીં, પરંતુ કોણ કોને બચાવે છે અને કોણ કોને બલિનો બકરો બનાવે છે એમાં આખી રમત છુપાયેલી હતી. બિગ બોસે જાણે ઘરના સભ્યોને કહ્યું હોય, "ચાલો ભાઈ, હવે દોસ્તીનું રિચાર્જ કેટલા રૂપિયાનું છે એ બતાવો!"

**વીકએન્ડ કા વાર પૂરો થયો અને સોમવાર પડતાં જ બિગ બોસે ઘરના સભ્યોને એવો નૉમિનેશનનો ડોઝ આપ્યો કે ઘણા સંબંધોના બેન્ડ-બાજા વાગી ગયા**

સ્મોલ સ્ક્રીન

આ ટાસ્કમાં સૌથી વધુ ચર્ચામાં રહી કનિકા માન. ઘરમાં ઈશા રિખી સાથે તેની નજીકની દોસ્તી જોવા મળી છે, પરંતુ નૉમિનેશનની ઘડી આવી ત્યારે કનિકાએ ઈશાને બચાવવાને બદલે બીજા સભ્યોને પ્રાથમિકતા આપી. તેણે કાઝી તૌકીર અને મેરી કોમને બચાવવાનો નિર્ણય લીધો હોવાના અહેવાલો છે. પરિણામે સોશિયલ મીડિયા પર કેટલાક દર્શકોએ કનિકાને 'ફ્લિપર' કહેવાનું શરૂ કર્યું.

હવે અહીંથી સવાલ ઊભો થાય છે– કનિકા ખરેખર દોસ્તી ભૂલી ગઈ કે પછી ગેમ રમી? કારણ કે બિગ બોસમાં દોસ્તી અને સ્ટ્રેટેજી વચ્ચેની લાઈન એટલી પાતળી હોય છે કે ક્યારે તમે બેસ્ટ ફ્રેન્ડમાંથી ગેમપાર્ટનર અને ગેમપાર્ટનરમાંથી સીધા હરીફ બની જાઓ, ખબર જ ન પડે!

બીજી તરફ અમાન ગાંધીએ પણ પોતાની ચાલથી બધાનું ધ્યાન ખેંચ્યું. તેણે યુંગની લાઈફલાઈન છીનવી લીધી અને ઘરમાં હલચલ મચાવી દીધી.

આ આખી ઘટનામાં સૌથી મજેદાર વાત એ છે કે બિગ બોસના ઘરમાં દરેક વ્યક્તિ પાસે દોસ્તી માટે પોતાનું અલગ ગણિત છે. કોઈ કહે છે, "એ મારો મિત્ર છે એટલે હું એને બચાવીશ," તો બીજો મનમાં વિચારે છે, "મિત્ર છે એટલે જ એને બચાવવો જોખમી છે!"

અને આ જ છે બિગ બોસની અસલી રમત!

ગઈકાલના એપિસોડે એક વાત સ્પષ્ટ કરી દીધી કે શરૂઆતના બે અઠવાડિયામાં બનેલી દોસ્તીઓ હવે ત્રીજા અઠવાડિયામાં પરીક્ષામાં મુકાઈ રહી છે. જે લોકો સાથે બેસીને હસતા હતા, એ જ લોકો હવે એકબીજાના ગેમપ્લાન વાંચી રહ્યા છે. કોઈની આંખોમાં દોસ્તી છે તો કોઈની આંખોમાં સીધી ફાઈનલની ટ્રોફી!


ઉપરથી કનિકા અને ઈશાની દોસ્તી હવે વધુ રસપ્રદ બની ગઈ છે. કારણ કે બિગ બોસમાં સંબંધોની સાચી કિંમત ત્યારે જ ખબર પડે છે જ્યારે સામે નૉમિનેશનની તલવાર હોય. ઈશા કનિકાના નિર્ણયને કેવી રીતે લે છે અને બંને વચ્ચેનો સંબંધ આગળ જળવાય છે કે તેમાં તિરાડ પડે છે આગામી એપિસોડ માટે આ મોટો પ્રશ્ન બની ગયો છે.

"દોસ્તી દિલથી કરો, પણ ગેમ હંમેશાં દિમાગથી રમો!" ●

---

# Scam 2010: હવે સુબ્રતરોયની કહાનીમાં ખુલશે પૈસાની પોલ

પૈસા, પાવર, બિઝનેસ અને પછી કાયદાની એન્ટ્રી! 'સ્કેમ' ફ્રેન્ચાઈઝ ફરી એક એવી કહાની લઈને આવી રહી છે, જ્યાં કરોડો રૂપિયાના સામ્રાજ્યની સાથે વિવાદો અને કાનૂની સવાલો પણ જોડાયેલા છે. 'સ્કેમ 1992' અને 'સ્કેમ 2003' પછી હવે ફોકસ છે સહારા ગ્રુપના સુબ્રત રોય પર! 'સ્કેમ' ફ્રેન્ચાઈઝનું નામ સાંભળતા જ શેરબજાર, કૌભાંડ અને કરોડોની હેરફેર આંખ સામે આવી જાય છે. હવે આ જ ફ્રેન્ચાઈઝનો ત્રીજો ભાગ 'Scam 2010 - The Subrata Roy Saga' આવી રહ્યો છે. આ વખતે વાર્તાનું કેન્દ્ર છે સહારા ગ્રુપના સ્થાપક સુબ્રત રોય અને તેમના વિશાળ બિઝનેસ સામ્રાજ્યની સફર. સિરીઝમાં સુબ્રત રોયનું પાત્ર અભિનેતા સિદ્ધાર્થ બોડકે ભજવી રહ્યો છે. 'દૃશ્યમ 2'માં જોવા મળેલા સિદ્ધાર્થ માટે આ રોલ એકદમ અલગ છે. અહીં તેમને એક એવા બિઝનેસમેનનું પાત્ર ભજવવાનું છે, જે સામાન્ય શરૂઆતથી આગળ વધીને દેશના જાણીતા બિઝનેસ ચહેરાઓમાં સામેલ થયા હતા. પરંતુ કહાની માત્ર બિઝનેસની સફળતા સુધી અટકવાની નથી. જેમ-જેમ સહારા ગ્રુપનું સામ્રાજ્ય વિસ્તરતું ગયું, તેમ તેમ નાણાકીય વ્યવહારો અને રોકાણને લઈને વિવાદો પણ ઊભા થયા. આગળ જતા આ મામલો કોર્ટ અને કાયદાની લડાઈ સુધી પહોંચ્યો. 2014માં સુબ્રત રોયની ધરપકડ પણ થઈ હતી. આ સમગ્ર સફર સિરીઝમાં ડ્રામેટિક અંદાજમાં રજૂ થવાની છે.




'Scam 2010'નું દિગ્દર્શન હંસલ મહેતા અને સુમિત પુરોહિત કરી રહ્યા છે. ખાસ વાત એ છે કે સુમિત પુરોહિત 'સ્કેમ 1992'ના લેખક રહી ચૂક્યા છે. એટલે 'સ્કેમ'ની દુનિયાને અંદરથી સમજતા સર્જકો ફરી એક વખત વાસ્તવિક ઘટના પર આધારિત કહાની લઈને આવ્યા છે. સિરીઝ તમાલ બંદ્યોપાધ્યાયના પુસ્તક 'Sahara: The Untold Story' પર આધારિત છે. એટલે દર્શકોને માત્ર મસાલેદાર ડ્રામા નહીં, પરંતુ સુબ્રત રોયના બિઝનેસ સામ્રાજ્યના ઉદય અને પછી ઊભા થયેલા નાણાકીય તથા કાનૂની વિવાદોની પૃષ્ઠભૂમિ પણ જોવા મળશે. આ સિરીઝનું શૂટિંગ 2026માં શરૂ થઈ ચૂક્યું છે. લખનઉ, કાનપુર, દિલ્હી, મુંબઈ અને દેહરાદૂન જેવા અલગ-અલગ શહેરોમાં તેના શૂટિંગ શેડ્યૂલ ચાલી રહ્યા છે. એટલે સિરીઝમાં વાર્તા પ્રમાણે લોકેશનનો પણ મોટો ભાગ જોવા મળશે. હાલ નિર્માણનું કામ આગળ વધી રહ્યું છે અને 2027ની શરૂઆતમાં સિરીઝ રિલીઝ થવાની યોજના હોવાના અહેવાલ છે. સિદ્ધાર્થ બોડકે ઉપરાંત કૃતિકા સિંહ, મૂન બેનર્જી અને 'CID' ફેમ આદિત્ય શ્રીવાસ્તવ પણ મહત્વની ભૂમિકામાં જોવા મળશે. જોકે તેમના પાત્રોની સંપૂર્ણ વિગતો હજુ જાહેર કરવામાં આવી નથી. આદિત્ય શ્રીવાસ્તવની હાજરીને કારણે સિરીઝના તપાસ અને કાયદાકીય ટ્રેકને લઈને પણ દર્શકોમાં ઉત્સુકતા છે.

**આ વખતે શેરબજાર કે નકલી સ્ટેમ્પ પેપર નહીં, પરંતુ વિશાળ બિઝનેસ સામ્રાજ્યની અંદરની દુનિયા જોવા મળશે**

અપકમિંગ

'સ્કેમ 1992'માં હર્ષદ મહેતા અને 'સ્કેમ 2003'માં અબ્દુલ કરીમ તેલગી બાદ હવે ત્રીજા ભાગમાં સુબ્રત રોયની કહાની છે. એટલે આ વખતે શેરબજાર કે નકલી સ્ટેમ્પ પેપર નહીં, પરંતુ વિશાળ બિઝનેસ સામ્રાજ્યની અંદરની દુનિયા જોવા મળશે. પૈસાથી સામ્રાજ્ય ઊભું કરવું એક વાત છે, પરંતુ એ સામ્રાજ્ય સાથે જોડાયેલા સવાલોનો સામનો કરવો બીજી વાત! 'Scam 2010' આ જ સફરને કેન્દ્રમાં રાખીને તૈયાર થઈ રહી છે. હવે જોવાનું એ રહેશે કે સુબ્રત રોયની આ કહાનીને હંસલ મહેતા અને સુમિત પુરોહિતની જોડી સ્ક્રીન પર કેટલા રસપ્રદ અંદાજમાં રજૂ કરે છે. ●